सिमंतिनी आख्यान

અથવા

સોમપ્રદોષની કથા.

કર્તા તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

મણિલાલ છબારામ ભટ્ટ.

ઠેકાણું-સારંગપુર. પંડિતજીની પોળ—અમદાવાદ.

(આવૃત્તિ ત્રીજી.)

સંવત ૧૯૬૮. ઈ. સ. ૧૯૧૧.

અમદાવાદ.

કિંમત આના બે.

“મનહર” પ્રિન્ટિંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું.

પીરમશારોડ-અમદાવાદ.

સીમંતીની આખ્યાન.

અથવા

સોમપ્રદોષ.

અધ્યાય ૧

(વસંતતિલકા)

વંદુ ગણાધિપતિ વિઘ્નવિનાશ કારી,
આપે સહાય સહુ દૂષણને નિવારી;
દારિદ્ર્ય દુઃખ હરતા ઉમીયાપતિને,
સાષ્ટાંગ દંડવત હું કરૂ છું નમીને. ૧
ભૂદેવ સાંભળ, કહે સુત, એક ચિત્ત,
સોમપ્રદોષ વ્રતનો મહિમા કહું તે;
વૈકુંઠ નીચ જન શંભુકૃપાથી પામ્યા,
છે આ વ્રતે વળી ઘણા જન કષ્ટ વામ્યાં. ૨
સોમપ્રદોષ વ્રતના મહિમાનુસાર,
આખ્યાન એક કહું સાંભળ સૂત્રધાર;
બ્રહ્માવૃતે નૃપ હતો ગુણવાન પૂર્વે,
નિત્ય દીન જનની ચઢતો વહારે. ૩

પુત્રેષ્ટિ યજ્ઞ કરતાંય થયો ન તેને,
ગાદી તણો પ્રથમ વારસ પુત્ર એકે;
જ્યારે પ્રદોષ વ્રત આદર્યું એક ચિત્તે,
ત્યારે સુતા થઇ મનોહર એક તેને. ૪
આનંદ ઉત્સવ ઘરોઘર થૈ રહ્યા ને,
દેવા વધામણી ગયા દ્વિજ સર્વ દેશે;
લક્ષ્મી સમાન કુંવરી પ્રસવે રૂપાળી,
કે'વાઇ રાણી કુલવર્ધિની ને પનોતી. ૫
તેડયા અનેક દ્વિજ દેશ પ્રદેશ કેરા
દેખાડવા ગ્રહ શુભાશુભ કુંવરીના;
વિપ્રે વડાં ગણિતશાસ્ત્ર વડે ગણીને,
આજન્મકાળ ગ્રહલાઘવ મેળવીને, ૬
જન્મોતરી કરી, મળી સઉ જોશી સાથે,
વાંચી બતાવી નૃપને પછી આ પ્રમાણેઃ–
સીતા સમી પતિવ્રતા શિવભક્ત થાશે,
પૂરી વયે શિવપુરે, પતિસંગ જાશે. ૭
દેવાંશી અષ્ટ સુતની જનિતા થશે, ને
મૈત્રેયિની સખી થઇ શિવ પૂજશે એ:
જ્હો રિદ્ધિ સિદ્ધિ વળી સંતતિ પામશે ને,
આશ્રિત સર્વ જનનાં દુઃખ કાપશે એ.
ભોગોપભોગ પતિસંગ અનેક લેશે,

વાગેશ્વરી જીભ વિષે ભવનામ રે'શે;
પાડયું પછી ઘટિત નામ સીમંતિની ને,
આનંદથી કનકદાન દિધાં ભૂપાળે. ૯
બોલ્યો સભામંહિથી બ્રાહ્મણ એક વાણી,
" છે ભાગ્યમાં ગજબ ! એ વિધવા થવાની; "
અત્યંત શોક રૂપી બાણ વડે વિંધાયો,
દુઃખે વદ્યો નૃપતિ " વાડવ આ શું બોલો," ૧૦
જયાં મ્હેલમાં રમતી તાત તણા કુમારી,
નાની પરંતુ રૂપગુણની ખાણ જેવી;
સાહેલી એક વદી ત્યાં જઇને કુવાણી,
"પર્ણી થશે તું વિધવા સખી ! હાય ! શાણી." ૧૧
આવું સુણી રૂદન શોક ઘણો કરીને,
યજ્ઞાત્રીને કહ્યું જઇ ચરણે નમીને;
વૈધવ્યદુઃખતણી ઝાળ મટાડવાને,
આવી હું માત ! વ્રત કૌઇ ઉપાસવાને. ૧૨
યજ્ઞાત્રી કે' " પકડશે બુડતાં તું હાથ,
સેવો સુતા નિત નિરંજન-ગૌરીનાથ;
આશીષ હો પ્રભુ તણી, સહુ દુઃખ વામો !
ગૌરીશના ચરણમાં જઇ-શીષ નામો. ૧૩
મહાદેવના વ્રત તણો મહિમા વધારે,
સૌ પાપ જાય શિવને જળ જે ચઢાવે;

પૈસેટકે સુખી રહે બીલી જો ચઢાવે,
પામે સુબુદ્ધિ કહી પુંષ્પ પીળાં ચઢાવે. ૧૪
ઘી દીપકે તનય થાય પૂજે પ્રભાતે,
ને રાજભોગ થકી ભોગ લહે ભલા તે;
તાંમ્બુલ અર્પણ કર્યે નવ થાય રોગો,
જાચ્યે પુરે મન તણી શુભ વાંચ્છનાઓ. ૧૫
એવાં ઘણાંક ફળ છે શિવ પૂજવામાં,
રે'જો સીમંતીની હવે હર જાપવામાં."
આવી રીતે દિન ગયા શિવ પૂજવામાં,
કાળે કરી કુંવરી આવી પછી યુવામાં;
મોટી થયેલ વરયોગ્ય સુતા નિહાળી,
તેડયા અનેક નૃપપુત્ર નૃપે વિચારી ૧૬

(અનુષ્ટુપ)

સીમંતીની તણો રાયે, સ્વયંવર રચ્યો અને,
દેશ દેશ તણા તેમાં તેડાવ્યા યુવરાજને. ૧૭
અંગ બંગ કલિંગેથી મરૂ કોશલ લાટથી,
કન્યાને વરવા આવ્યા રાજપુત્રો ઉમંગથી. ૧૮

(વસંતતિલકા)

ત્યાં આવીયો કુંવર નૈષધદેશ કેરો,
પ્રખ્યાત પુત્ર નળનો જગમાં ઘણેરો;
ચંદ્રાંગજ પ્રમથનાથ તણો પુજારી,
રૂપે મનોજ સમ, ક્ષત્રીયવીર્યશાળી. ૧૯

તેની સીમંતીની થઇ પ્રિય પ્રાણપ્યારી,
રાખ્યો નૃપે કુંવર પુત્ર સમાન ભારી,
પે'રામણી ઘણી મણી તણી દીધી સારી,
વિદ્વાનને સુમણી–દાન દીધાં વિચારી. ૨૦

(અનુષ્ટુપ)

દસૈયાં જમવા માટે જામાતા બહુ સ્નેહથી,
તે પછી સાસરે રાખ્યા, નિત્ય સંતાનવત્ ગણી; ૨૧
સુખનો સ્વાદ લેતા ને નાના વૈભવ માણતા,
એક વાર ગયા મિત્રો ના'વા ને નાવ ખેડવા. ૨૨

(વસંતતિલકા)

આષાઢ માંહિ યમુના પરીપૂર્ણ પૂરે,
ના'વા ગયા કુંવર, ખંડિત નાવ બુરે;
કાલિંદીના પુર મહી જઇ પો'ચીઉં જયાં,
ડોલી બુડયું પવનથી જળમધ્યમાં ત્યાં ! ! ૨૩
કો ને ગળ્યા મઘરીએ, જળમાં બુડયા કો,
કો રેતમાં કળી ગયાં, મડદાં જડયાં કો,
નંખાવી જાળ જળમાં, તરનાર નાંખ્યા,
તોયે સીમંતીનીપતિ નહીં હાથ લાગ્યા. ૨૪
હા ! કોપ હા ! અજબ ! બે તીર લોક બોલે,
રંડાઇ હાય સુતનુ ! દુઃખ હા ! અતોલે;
બેભાન ચિત્તવરમા તીરમાં રડે છે,
સૌ પૂરનાં સુજન શોક ઘણો કરે છે. ૨૫

“ રે હાય ! પ્રાણપતિ ! હાય ! ” સીમંતીનીનો
ના શબ્દ તે વિણુ બીજો નીકળે સતીનો;
રૂએ પથિક જન ને પશુ પક્ષી જોતાં,
મિત્રો રડે, નૃપતિ લોક વિહંગ રોતાં. ૨૬
કે' પ્રાશકે મરી જશે, સમજાવી લાવો,
શાણાં સીમંતીની હુવે પૂરમાં પધારો;
મૈત્રયી કે' ન વ્રત શિવનું ભંગ થાશે,
દુઃખે સીમંતીની વદે વ્રતતો પળાશે. ૨૭
આ વાત નૈષધપુરે ગઈ—પુત્ર બૂડયો,
કે ચંદ્રસેન દુઃખસાગર માંહી ડુબ્યો;
ચંદ્રાંગજારિ હરખ્યા, પદભ્રષ્ટ કીધા,
ને ચંદ્રસેન નૃપને કરી કેદ લીધા. ૨૮
કારાગૃહે દીલ દમે દિનરાત્રી શોકે,
કીધો ઘણો નગર શોક નિવાશી લોકે;
વેઠે ઘણું દુઃખ સીમંતીની વિધવા થૈ,
મૂકે ન તોય વ્રત, શંકરકીંકરી થૈ. ૨૯
ના'વા જતી સુતનુ સોમદિને નદીએ,
ત્યાં દાન દેતી દ્વિજને ધનનું પ્રીતિએ;
“ 'સૌભાગ્ય' રૂહો દુઃખ અખંડ પતિનું વામો,
મોટા પરાક્રમી રૂડા સુત આઠ પામો.” ૩૦
આવું સુણી સતી હીસે વદી વિપ્ર સાથે,

" પીટ્યા શું અંધ ? નથી કંકણુ મુજ હાથે !"
" જાણુંછું હું તવ પતિ જળમાં બુડયો છે,
તે રાય તક્ષકપુરે હજી જીવતો છે." ૩૧
દૈને કપાળ નિજ હાથ વદી કુમારી,
" છે એમતો કયમ થઈ ગતી આવી મારી;"
લજ્જા તજી પૂછયું સીમંતીનીએ પછી ત્યાં,
" કો' બ્રહ્મદેવ નૃપ છે હજી જીવતા કયાં ?" ૩૨

અધ્યાય ૨ જો.

સૌભાગ્યસુખ હતું કુંવરીને કપાળે,
બુડી ગયો કુંવર એ નિકળ્યો પતાળે,
પાતાળમાં નિકળીને યમુના કિનારે,
આશ્ચર્ય આ શું વદી બાળ પડયો વિચારે, ૩૩
ફર્તો વિચાર કરતો સરિતા કિનારે,
દીઠો અલૌકિક ભુપાત્મજ નાગનારે;
કે'કોઇ યક્ષ, બીજી કિંન્નર કે સુરાંશી,
અન્યોન્ય એમ સઉ તર્ક વિતર્ક કર્તી. ૩૪
આવી સમીપ પછી જયાં નૃપ એ હતો ત્યાં,
ને લાગી એમ પૂછવા પછી કે " જશો કયાં ?"
બોલ્યો કુમાર " યમુનાજળમાં બુડયો છું,
હું ઉગર્યો પ્રભુ થકી અહીં આવીયો છું." ૩૫
આવું સુણી યુવતીઓ સઉ હર્ષ પામી,

ઉભો કુમાર યુવતીપદને પ્રણામી;
પ્રેમે પછી કુંવરને કહ્યું નાગનારે,
" ચાલો કુમાર અમસાથ પુરે અમારે." ૩૬
આનંદભેર સુતને લઇને નિવાસે,
આવ્યાં પછી સરવ તક્ષકનાગ પાસે;
ભૂપાળપુત્ર સહુ સંપુટ હસ્તવાળી,
ઉભી બધી યુવતીયો નજરે નિહાળી. ૩૭
શ્રીતક્ષકે પછી પુછ્યું પ્રિય નારીઓને,
" લાવ્યાં તમો કહીંથી બાળક આ કહોને ? "
" ના'વા ગયાં પ્રિય ! હતાં નદીએ, તહીંથી
દીઠો અમે કુંવર નોત્તમ આ દુરેથી. ૩૮
લાવ્યાં નિહાળી રૂપ ને ગુણનો ભરેલો,
છે એ ભુપાળસુત કો નદીમાં ડુબેલો. "
શ્રીતક્ષકે સમીપ તેડી પુછ્યું પ્રીતેથી,
" કો'કેમ આવવું થયું અહીં શી રીતેથી ? ૩૯
છો કોણ ? કોણ નગરે તમ રાજ રાચે ?
હેવાલ કો' કયમ તજ્યું ઘર કોણ કાજે ? "
" હું સૂર્યવંશી સુત નૈષધરાય કેરો,
છું પ્રાત્ર ધર્મી નળનો, હમણાં તમારો. ૪૦
પરણ્યો છું ચિત્તવરમા કુળવંત કેરી
પુત્રી–સીમંતીનીની સાથ પ્રીતે ઘણેરી;

ભૂપાળને સુત નથી સુત તેથી હું ને,
રાખ્યો સમાન ગણીને નિજપૂર માંહે.
આપ્યું સમસ્ત મુજને ધન-ગાડી-વાડી,
રાખે છે છાતીપર રાય મને રમાડી;
કો વાતની હતી નહીં નૃપની મનાઇ,
તેવે ગયો નદીપુરે લઇને પનાઇ. ૪૨
મધ્યસ્થળે ભરપુરે ડુબી હોડી મારી,
ત્યાંથી સ્મૃતિ નથી મને કહું શું વધારી;
કલ્યાણકારી તમ દર્શન તાત કીધાં,
છે ધન્ય ધન્ય, મુજ પાતક બાળી દીધાં. ૪૩
આ રમ્ય આપ નગરી નિરખી હિતાર્થે,
હું છું થયો, મણિપતિ ! અતિશે કૃતાર્થ;
આભારી છું અધિક નારી તણો તમારી,
પૂરી કરો ભૂધર ! આશ જવાની મારી." ૪૪
"કો'ની કુમાર કુળદેવી તમારી કો છે?
કો દેવસેવ પર વૃત્તિ તમારી રે' છે?"
"માગી લઇ વિષ હળાહળ ધારનાર,
ભક્તોની આશ વરદાનથી પૂરનાર, ૪૫
કૈલાસવાસી ઉમિયાપતિ ઇષ્ટ મારો,
પાદામ્બુજે શિવ તણે પ્રીતિ ધારનારો;
શાંણી સીમંતીની સદા ગવરી પૂજે છે,

પ્રીતેથી સોમવ્રત શંકરનું કરે છે." ૪૬

"જો જાણ્યું હોત શિવભક્ત પધારશે તો,
હું આવતે સનમુખે સતકાર કર્તો;
છે ધન્ય આ જીવિતને, દિન ધન્ય આજે,
કે શંભુભક્ત મુજ ધામ વિષે વિરાજે ! ૪૭

આવી ચઢ્યા પ્રગટીયું શુભ પુણ્ય મારૂં,
માટે વસો સુભગ આ સહુ છે તમારૂં;
નાના પ્રકાર સુખ ભોગવિભોગ માણો,
નાના પ્રકાર સુખ ભોજન ભાવી આણો. ૪૮

રે'શે કુમારી પ્રીતથી તમ દાસી થૈને,
રંગે રમો વિવિધ વૈભવ ભોગવીને,
આ રંગમે'લ રથ અશ્વ ગજાદી કેરા,
માણો વિલાસ નૃપતિ ! રહી અહીં ઘણેરા." ૪૯

આ સાંભળી કુવર કે' "મુજને વરેલી,
વ્હાલી સીમંતીની હશે વિધવા થએલી;
શાણી સીમંતીની પિતાભુવને હજી છે,
જાણે ન સાસરૂં કશું, હમણાં વરી છે. ૫૦

અત્યંત શોક પુરમાં સહુને હશેજી,
મારા પીતા ગરીબ માત મુઆં હશેજી;
વ્હાલીની માત વળી તાત ન જીવશેજી,
માટે કૃપા કરી રજા કરશો હવેજી." ૫૧

આવું સુણી ભૂધર ત્યાં અતિ ખેદ પામ્યા

કષ્ટે, પરંતુ પછી હર્ષથી પ્રીતિ પામ્યા;
આપ્યાં સુ અમ્બર, મણી શશીતેજ જેવા,
આપ્યો વળી હય રૂડો મનવેગી તેવો. ૫૨
એ એકલા કુંવર નાથ જશે શી રીતે,
ત્યારે દીધો શુભ અનુચર એક પ્રીતે;
આજ્ઞા લીધી નૃપતિએ કરીને પ્રણામ,
આશીષ વેણુ વદીયા સઉકો સુટાણે. ૫૩
ચાલ્યા ચઢી હય પરે લઇ સર્વ સાથે,
આપેલ ભેટ સઉની ધરી દૈત્ય માથે;
આવી વિદાય કરી નાગણી હર્ષ પામી,
કીર્તી કુમાર તણી દેશપ્રદેશ જામી. ૫૪
શોભા અલૌકિક પુરી તણી રમ્ય કોડે,
જોતા ગયા પુર થકી ચઢી રાય ઘોડે;
અહો રિદ્ધી સિદ્ધી નગરી ધનવાન કેવી !
છે આ ખરે પૂરણ ઇન્દ્રપૂરીજ જેવી. ૫
શા રમ્ય મે'લ મણી સ્ફાટિકથી પૂર્યા છે,
ઉંચી અટારી શિખરે પતિકા જડયા છે;
શા રમ્ય માર્ગ શુભ તક્ષકપૂર કેરા,
જયાં હાર હાર પ્રદીપો પ્રજળે ઘણેરા. ૫૬
આવ્યા સ્વદેશ યમુના તણી તીર પાર,
ત્યાં સાસરૂં નીરખીને હરખ્યા કુમાર;

આનંદથી કુંવર અશ્વ તીરે નચાવે,
વ્હાલી સીમંતીની ઘડી-પળ યાદ આવે. ૫૭
તેવે સીમંતીની સખીસહ સોમવારે,
આવી'તી સ્નાન કરવા નદીને કિનારે;
ખેલાવતો હય સીમંતીનીયે નિહાળ્યો,
ત્યારે કહ્યું " સખી દીસે નૃપ કો રૂપાળો. ૫૮
એને નિહાળી સખી અંતર ઉછળે છે,
એ સ્વામી હોય ત્યમ આ મન સૂચવે છે;
રૂપે ગુણે વય વિષે મળતો દીસે છે,
એ એજ છે અલી સખી પૂછ ક્યાં પળે છે. ૫૯
સ્વામી–સુરત્ન સખી રંક હું હાથ આવ્યું,
તોયે અભાગી કરમે કરથી ગુમાવ્યું;
સાહેલી હાય કરમે દુઃખ ક્યાં લખાવ્યું–"
બોલી પછી ન, પ્રતિમારૂપ જેમ આવ્યું. ૬૦
છુટા પડ્યા શિરજ ચંદનધારી બાળા,
સૌભાગ્યહીણુ મુખ પાંડુર કંઠ માળા,
એવી સીમંતીની દીઠી વિધવા કુમારે,
અશ્વેથી ઉતરી ગયા પ્રિય પાસ ત્યારે. ૬૧

અધ્યાય ૩ જો.

જૈને પૂછ્યું " કવણ જાત ? કુમારી કોનાં ?
છો કેમ દુર્બળ, હતાં પ્રથમે રૂપાળાં ?

વૈધવ્યયુક્ત કયમ આ પુરમાં વસો છો ?
કો દેવસેવ કરવા વપુ આ દમ્યો છો ?" ૬૨
બોલી સખી "નૃપ સુણો સખી આ અમારી,
પર્ણી ભૂપાળ થઇ નૈષધપ્રાણપ્યારી,
રાખ્યો કુમાર અહીં સ્નેહ વધારવાને,
શું છે ભુપાળ વધુ કારણ પૂછવાને ? ૬૩
શાને પ્રદેશ ફરી દેહ દમો પ્રયાસે ?
કો દેશના નૃપતિ પાંથિક છો પ્રવાસે ?
આ કોણ દૈત્ય ? તમ માનવ રાજવંશી ?
આવ્યાજી ક્યાંથી ફરી ક્યાં જવું છે સુરાંશી ?" ૬૪
આવાં સુવાક્ય વદતાં નયને ભરાયાં
આંસુ, સીમંતીની ધરા પડતાં બચાવ્યાં;
"શાં દુઃખ છે, તમ તપે શિવરાય ડોલ્યા,
ધીરાં ! ધરો ધીરજ," નૈષધનાથ બોલ્યા. ૬૫
"તું સ્વામીને મળીશ છુટી વિયોગમાંથી,
શાણી સીમંતીની હવે શિવની કૃપાથી;
એ આવશે સતી કને તમ અલ્પ કાળે,
ફર્તો દીઠો છ તવ વલ્લભ મેં પતાળે." ૬૬
ચાલ્યા પછી તહીંથી નૈષધમાર્ગ ઝાલ્યો,
થોડે દીને સુખથી તાતસ્વદેશ ભાળ્યો;
નાહ્યા પછી સુતનુ ગૈ ચુપચુપ જ્યારે,

આવી પછી ખબર મંગળ રાજદ્વારે. ૬૭
જામાત્ર તક્ષકપુરી થકી આવીયા છે,
એવી વધામણી ઘણા જન લાવીયા છે;
નારી સીમંતીની કને, વળી રાય પાસે,
લેવા વધામણી ઘણી ભીડ થૈ નિવાસે. ૬૮
ત્યારે વદી સખી સીમંતીનીની ઉમંગે,
નહી થાય નક્કી હરષોત્સવ રંગ રંગે;
આવે વતે કુંવરીનું દ્રઢ ચિત્ત જોવા,
આવે સ્વરૂપ બદલી રજનીચરો વા. ૬૯
લોકોપહાસ્ય કદી થાય અમાપ મોટું,
માટે વિચાર વિણુ આ હરખાવું ખોટું;
આ સત્ય સાંભળી બધું પુર ક્ષોભ પામ્યું,
હર્ષે પરંતુ પછી સર્વનું દુઃખ વામ્યું. ૭૦
આવી રહ્યા ઉપવને પુર બ્હાર પોતે,
જોવા સભા રિતિ નીતિ દૂત મોકલ્યો તે;
જૈ દૈત્ય વિહિ કરતો નૃપને કેહે છે,
"શું રાય યુદ્ધ કરવા મનથી ચહે છે.? ૭૧
ચર્ણે નમાવી શીશ કો' તમ દાસ હું છું,
તો તો બચો નૃપતિ, તક્ષકદૈત્ય હું છું;"
લોકે કહ્યું વળી હવે જઇ શીશ નામો.
તો તો બચી નૃપતિ સૌખ્ય સદાય પામો. ૭૨

જે ચંદ્રસેન ચરણે શીશ તો નમાવ્યું,
ત્યારે નૃપે કરી દયા વરદાન આપ્યું;
ચાલ્યા તમામ જન પૌર કુમાર લેવા,
વારાંગના કરતી નાચ વિવાહ જેવા. ૭૩
આવ્યે કુમાર હરખ્યા સઉકો ઘણેરા,
જોવા મળ્યા જન ઘણાક કુમાર કેવા;
ત્યાં ચંદ્રસેન વદીયા દૂત મોકલાવો,
બ્રહ્માવૃતે ખબર હર્ષની પ્હોંચડાવો. ૭૪
તૈયાર દૈત્ય કરીને પછી મોકલાવ્યો,
આનંદની ખબર તે લઇ ઘેર આવ્યો;
હર્ષે સીમંતીની વધાં સખી આ ઉમંગે,
આપો વધામણી હવે રહી રંગચંગે. ૭૫
આપો સુ અમ્બર મણી જન જેહ આવ્યો,
આનંદ ઉત્સવ બધા પુરમાં કરાવ્યો;
આનંદ સ્નેહી જનના મનમાં થયો છે,
શ્રી નાગતક્ષકદયા થકી એ જીવ્યો છે. ૭૬
કંકોતરી લખી નૃપે પરદેશ કેરા,
તેડયા અનેક નૃપને ઋષીઓ ઘણેરા,
કૈલાસથી ગવરીને શિવરાય આવ્યાં,
કીધાં સુલમ ફરી પૌર જને વધાવ્યાં. ૭૭
આપ્યાં ઘણાંક દ્વિજને મણિદાન રાયે,

કીર્તિ તણાં વચન બંદીજનો કહાવે;
પહુર્યા સીમંતીની પછી અતિ નેહ ધારી,
પે'લાં નમ્યાં ગવરીને ચરણે પધારી. ૭૮
શૈલાત્મજા હરખી મૌક્તિકહાર આપ્યો,
" રે'જો અખંડ સતી દંપતી " બોલ થાપ્યો;
મંદારમાળ શિવની અતિ વાસવાળી,
તે પે'રી રમ્ય વળી આ સુતનુ રૂપાળી. ૭૯
ચાલી સખી સહુ પછી ભવને પિતાને,
ઉલ્લાસ ભેર સખી મંડળ સાથ જાને;
સૌભાગ્યવંતી તનયા પતિસંગ દેખી,
આ રાય રાણી ઉઠીયાં નિજ આસનેથી. ૮૦
બેસાડીને કુંવરને નિજ આસને ત્યાં,
આપ્યું તમામ ધન રાજ નૃપે પછી ત્યાં;
એ રાય-રાણી પછી આસનથી ઉઠીને,
સન્યસ્ત ધારી વનવાસ ગયાં ચહીને. ૮૧
કીધું ઘણા વરસ રાજ્ય રૂડી રીતેથી,
પામ્યાં અધિક સુખ દંપતી એ પ્રીતથી;
બન્ને રહ્યાં અમર આ વ્રતને પ્રતાપે,
તે સોમવાર વ્રત સૌ તણું દુઃખ કાપે. ૮૨

સમાપ્ત.

નામદાર બ્રીટીશ સરકારે તેમજ નામદાર ગાયકવાડ
સરકારે ઈનામ માટે મંજુર કરેલી

ગીતમાળા ભાગ ૧ લો.

(આવૃત્તિ ૨ જી.)

જેમાં આધુનિક વિદ્વાન લેખકો તથા કવિઓની, ઇશ્વરસ્મ
ગૃહધર્મ, નીતિ, સષ્ટિસૌંદર્ય, દેશભક્તિ ઈ. વિષયો ઉપરની, ૯
ભતિના કાવ્યમય, સુન્દર અને રસિક રાગોવાળી લગભગ ૮૦ ગરબા-
ઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. ઉચ્ચ વર્ગના ગરબામંડળોમાં
પુસ્તકમાંની ગરબીઓ ખાસ પસંદ કરવામા આવે છે. ૧ લી
ત્તિ થોડાક સમયમાં ખપી ગયા પછી ઘણે ઘણે ઠેકાણેથી—નામ-
ગાયકવાડ સરકારના કેળવણી ખાતા તરફથી પણ—વખતોવખત
મ ગણીને લીધે તેની આ બીજી આવૃત્તિ કહાડવાની જરૂર

મુલ્ય છ આના.

મમાજ.)